
# આકોલી હાઈસ્કૂલમાં આવતા વિદ્યાર્થીઓને પડતી બસ સેવાની મુશ્કેલી ક્યારે દૂર કરાશે ?



કાંકરેજ તાલુકાના આકોલી ગામે શેઠ શ્રી એલ. એમ. હસાણી વિદ્યા મંદિરમાં આશરે ૯૦૦ થી ૯૫૦ જેટલા બાળકો અભ્યાસ કરે છે તેમાં ૫૦ ટકા બાળકો બહાર ગામથી આવતા હોઈ વિદ્યાર્થીઓને પ્રાઈવેટ વાહનમાં પોતાના જીવના જોખમે મુસાફરી કરવાનો વારો આવે છે તો શિહોરી દિયોદર બસ સેવા ચાલું કરવામાં આવે તો આ મુશ્કેલી દૂર થાય તેમ છે. દિયોદરથી ૧૦ વાગે શિહોરી તરફ બસ સેવા અને શિહોરીથી ૫ વાગે બસ સેવા ચાલુ કરવામાં આવે તો હાઈસ્કૂલના વિદ્યાર્થીઓને આ મુશ્કેલીમાંથી દૂર કરી શકાય તો શું એસ.ટી. નિગમ દ્વારા આ બાબતે ધ્યાન દોરીને ઘટતું કરાશે અને જો ઘટતું કરાય તો વિદ્યાર્થીઓમાં આનંદની લાગણી ફેલાય તેમ છે તો દિયોદર ડેપો મેનેજર ઘટતું કરશે ખરા ? (તસવીર : હેમુભા વાઘેલા)

# તલોદ પંથકમાં સોના-ચાંદીના બંગાળી કારીગર દ્વારા ચાલીસ લાખની લૂંટ

તલોદ, તા. ૧

સાબરકાઠા જિલ્લાના તલોદ પંથકમાં ગ્રાહકોના તથા ખાસ કરીને સોના- ચાંદીના વેપારીઓના દાગીના ઘડતરનું કામ કરતો એક બંગાળી કારીગર અંદાજિત રૂા. ૪૦ લાખની સોના-ચાંદીની માલમતા સાથે પંથકમાંથી છેલ્લા સપ્તાહથી અન્યત્ર ફરાર થઈ ગયો હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે. લાખોના મુદ્દામાલ સાથે હાલ તો ફરાર થઈ ગયેલ મનાતા આ બંગાળી કારીગરનો મોબાઈલ પણ સ્વીચ ઓફ મળતાં અને તેના કોઈ સઘડ ન મળતાં તે તલોદ તાલુકાના સોના-ચાંદીના વેપારીઓને તથા ગ્રાહકોને લાખોનો ચુનો લગાવી બંગાળ પોતાના માદરે વતન તરફ ચાલ્યો ગયો હોવાની આશંકા સેવાઈ રહી છે.

તલોદમાં ટોક ઓફ ધી ટાઉન બનેલ આ ઘટનાએ જિલ્લાભરના સોની બજારમાં ખળભળાટ મચાવી દીધો છે. જેની ચર્ચાતી વિગત એવી છે કે, તલોદ પંથકમાં લગભગ બે દાયકાથી આવી વસેલા પશ્ચિમ બંગાળના કલકતા તરફના એક કારીગરે તલોદ પંથકને પોતાનું કાર્યક્ષેત્ર બનાવી ધંધાની જમાવટ કરી હતી. પર પ્રાંતનો આ કારીગર અહીંનું રેશનકાર્ડ તથા મલ્ટીનેશનલ બેંકમાં પોતાનું એકાઉન્ટ પણ ધરાવે છે. આ બંગાળી કારીગરને તલોદના તથા આસપાસના ગામોના સોની વેપારીઓ તથા અન્ય ગ્રાહકો પણ દાગીના ઘડવા સોના-ચાંદીની લાખોની જણસો આપી જતાં હતાં. વર્ષોથી તે તલોદ પંથકમાં પરિવાર સાથે સ્થાયી થયો હોઈ અને તેની કોઈ કપટલીલા ધ્યાને નહી આવી હોઈ સહજભાવે ગ્રાહકોને તેના ઉપર પૂર્ણ વિશ્વાસ હતો.

આમ થતાં સમગ્ર સોની બજારમાં દુકાળમાં અધિક માસ જેવા આઘાતની લાગણી ઉદભવી છે. જેમાં લાખોની માલમકા ગુમાવનાર વેપારી- ગ્રાહકોની હાલત કફોડી બની છે. ક્યારે બંગાળી કારીગર પરત આવે અને પોતાના મુદ્દામાલ સોપી દે તેની કાગડોળે રાગ ઘટનાનો ભોગ બનેલ લોકો જોઈ રહ્યા છે.

પોતે આમ અણધાર્યા વેતરાઈ ગયા છે અને લૂંટાઈ ગયા છે. તેમ માનતા આ બંગાળી કારીગરના વેપારી- ગ્રાહકોએ તલોદ પોલીસ સ્ટેશનના ચક્કર કાપી પોતાને પોલીસ મદદરૂપ થાય તેવી રાવ નાખી છે.

ભૂતકાળમાં મોડાસામાં પણ આવો એક બનાવ બન્યો હોવાનું જાણવા મળેલ છે. જેની યાદ ફક્ત બનાવ બનતાં લોકોના દિલોદિમાગમાં તાજી થઈ છે.

# આશારામના પુત્ર નારાયણ સાંઈને જમીનનો એક વધુ ફટકો

## નારાયણ સાંઈના આશ્રમની જમીન પાછી આપવા કોર્ટ આદેશ

હિંમતનગર, તા. ૧

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના પેઢમાલા ગામના ડુંગર પરના સંત આશારામ મહરાજના પુત્ર નારાયણ સાંઈના આશ્રમના જમીનનો વિવાદ છંછેડાતાં આ જમીનનો કેશ તાજેતરમાં હિંમતનગર મામલતદાર કચેરીમાં ચાલી જતાં મામલતદાર રીન્કેશ પટેલ દ્વારા સરકારની તરફેણમાં હુકમ કરતાં નારાયણ સાંઈનો આશ્રમ તથા જમીનને પુનઃ એક વધુ ફટકો પડ્યો છે.

સને ૨૦૦૯ની સાલમાં આશારામના પુત્ર નારાયણ સાંઈ બિન ખેડૂત હોવાનું સાબિત થવા પામ્યું હતું અને ભૂજ પાસેના અબડાસા ગામના ખેડૂત હોવાના દાખલાનો વિવાદ બરાબરનો છંછેડાતાં અને નારાયણ સાંઈ બિન ખેડૂત સાબિત થયા હતા.

પેઢમાલ ડુંગર પરની આશ્રમ વાળી જમીનના પ્રતિવાદી ૧ થી ૨૨ના ખેડૂતોના જવાબો મામલતદારની કોર્ટમાં લેવાતાં તમામે મૂળ માલિકને જમીન પાછી મળે તો વાંધો નથી. તે સંદર્ભના જવાબો તથા હકીકતો જોતાં સરકારનું હિત સમાયેલ હોઈ અને ૫૮ પુરણી બતાવાયેલી જેમાં નોંધની અસર અન્ય સર્વે નંબરોને પણ કરવી જરૂર હોવાં છતાંય ગમે તે કારણોસર ઈફેકટ આપવામાં આવી ન હતી.

સરકાર હેડે દાખલ કરવાની નોંધની અમલવારીમાં બેદરકારીના પગલે ૩૦૦ હેકટર ઉપરાંત જમીન કે જે સરકારશ્રી હસ્તક હોવી જોઈએ તે જમીનોમાં ફેરફાર થતો રહ્યો છે. મામલતદાર દ્વારા નોંધ નંબર ૪૯૦ની તમામ સર્વે નંબરોમાં અમલવારી માટે રિપોર્ટ કરવામાં આવ્યો છે.

નારાયણ સાંઈની વિવાદી જમીન પણ આ નોંધના દાયરામાં આવે જ છે. નારાયણ સાંઈ ખાતેદાર તરીકે ના કાયદાકીય પુરાવાઓ રજૂ ન કરી શકતાં તથા સમગ્ર વિવાદીત જમીનને સરકાર હેઠે દાખલ કરવાનો તાજેતરમાં જ કલેકટરે કરેલ હુકમ કર્યો છે.

# પાલનપુરના ભાગી છુટેલા પ્રેમી-પંખીડા ઝડપાયા

પાલનપુર, તા. ૧

પાલનપુરના મફતપુરા વિસ્તારમાંથી એક માસ પહેલાં ભાગી છુટેલા બે પ્રેમી પંખીડા ગત રોજ પોલીસના હાથે ઝડપાઈ જવા પામેલ છે. જેમાં પ્રેમીકા સગીર હોઈ તેના પ્રેમી વિરુદ્ધ બળાત્કારની ફરિયાદ નોંધાવતાં ચકચાર મચી જવા પામી છે.

પાલનપુર મફતપુરા વિસ્તારના ઝડપાયેલા પ્રેમી પંખીડા પોલીના હાથે ઝડપાયા હતા. પોલીસ મથકે લાવતાં જેમાં રઈસખાન વજીરખાન મકરાણી નામના યુવક ગત તા. ૧૮ જૂનના રોજી આજ વિસ્તારની એક સગીરાને ભગાડી ગયો હતો. યુવક- યુવતી ગત સાંજના સમયે વિસ્તારમાંથી ઝડપાયા હતાં. જયારે રઈસખાન મકરાણી વિરુધ્ધ સગીરાએ બળાત્કારની ફરિયાદ નોંધાવતાં ચકચાર મચી જવા પામી હતી. પોલીસે સગીરાનો મેડીકલ ટેસ્ટ કરાવીને આરોપી વિરુધ્ધ ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# અમદાવાદના માસુમ મયુર ઠાકોરનો મૃતદેહ તેના પિતાએ ઓળખી કાઢ્યો

પાલનપુર, તા. ૧

અમદાવાદના નરોડા વિસ્તારમાં રહેતા ઠાકોર પરિવારનો નવ વર્ષનો માસુમ મયુર તા. ૨૪મીની રાત્રે તેના ઘર નજીક મેળો જોવા ગયા બાદ ગુમ થઈ ગયેલ. તે અંગે સ્થાનિક પોલીસે ત્વરીત તપાસ હાથ ન ધરતાં ભારે આક્રોશ ફેલાતાં પાટણના સાંસદ જગદીશભાઈ ઠાકોરે આ ઘટના અંગે સઘન પ્રયાસો હાથ ધરતાં પોલીસે મેળાના સંચાલકોને પકડી આકરી પૂછપરછ બાદ તેઓએ કબૂલ કરેલ કે આ છોકરો મેળમાં મોતનો કુવો જોવા આવેલ ત્યાં વીજ કરંટ લાગતાં નીચે પટકાયેલ ત્યારે આ ઘટનાથી દોડધામ ના થાય અને મેળો બંધ ન થાય તે કારણસર કે અન્ય કારણસર મયુર વિજ કરંટનો ભોગ બનતાં તેનો મૃતદેહને બનાસકાંઠા ચિત્રાસણી નજીક જંગલ વિસ્તારમાં દાટી નાસી ગયેલ.

પોલીસે મેળાવાળાઓની અટકાયત કરી અમદાવાદથી સી.આઈ.ડી. ક્રાઈમના પો.સ.ઈ. એમ.ડી.ઝાળા સાથે પાટણ સાંસદના પુત્ર નૌમેશ ઠાકોર તેના કાકા અને મયુરના પિતા બાલાજી ઠાકોર પાલનપુર આવી તાલુકા પોલીસ પો.સ.ઈ. ગઢવી સાથે ઘટના સ્થળે જઈ મૃતદેહને ખરાઈ કરવામાં આવી ત્યારે તેના કપડા પરથી આ મૃતદેહ તેના વ્હાલ સોયા દિકરા મયુરનો હોવાનું જણાતાં ધ્રુસકે ધ્રુસકે રડી પડેલ. સાંસદ મુકેશ ગઢવી પણ ત્યાં આવી પહોંચ્યા હતા. આ બાબતે પોલીસની ઢીલી નીતિના કારણે આ બનાવ બન્યો તેમ જણાવેલ હતું.

## પાલનપુરમાં અજાણ્યા વાહનની ટકકરથી મહિલાનું કમકમાટી ભર્યું મોત

પાલનપુર, તા. ૧

પાલનપુરના આબુ હાઈવે પર આવેલા બિહારી બાગ પાસે રસ્તો ઓળંગવા જતાં મહિલાને પૂર ઝડપે આવી રહેલ અજાણ્યા વાહનની ટકકર વાગતાં મોત નિપજ્યું હતું.

મૂળ રાજસ્થાનની વતની કોટા ગામની લચ્છીબેન રાજુભાઈ કોળી(ઠાકોર) કે જે પોતાના ભાણેજના લગ્ન અર્થે પાલનપુરના બિહારી બાગ, પારપડા રોડ ઉપર આવ્યા હતા. ગત રાત્રીએ પોતાની માતાને એસટીડી બુથ ઉપર ફોન કરવા જતા હતાં. ત્યારે રસ્તામાં કોઈક અજાણ્યા વાહને તેણીને જોરદાર ટક્કર મારતાં મહિલાનું કમકમાટી ભર્યું મોત નિપજ્યું હતું. જ્યારે પડેલા મૃતદેહ પર બીજું વાહન ફરી જતાં લાશ ચગદાઈ જવા પામી હતી. જેથી લાશના છુંદાઈ ગયેલા ટુકડા- વીણીને પોટલામાં નાખીને પાલનપુર સિવિલ હોસ્પિટલ ખાતે પી.એમ. માટે લાવેલા હતા. આ કરુણ ઘટનાથી લગ્નનો માહોલ શોકમાં ફેરવાયો હતો.

ગાંધીનગર સમાચાર
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ચ-માર્ગ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧
Email : jay_choly@yahoo.com • gandhinagarsamachar@yahoo.com

સાબરકાંઠા, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લા સહિત તમામ તાલુકાના વાસીઓ તેમની પ્રેસનોટ તથા જાહેરખબર આપવા અમારા પ્રતિનિધિનો સંપર્ક કરે.

| | | |
|---|---|---|
| **સાબરકાંઠા જિલ્લામાં** | | |
| મગનજી વણઝારા | (બ્યૂરો ચીફ, સા.કાં. હિંમતનગર) | ૯૯૨૫૦૪૪૭૪૩ ૯૩૭૪૮ ૪૪૭૧૬ |
| સમીર બલોચ | સાબરકાંઠા જિલ્લા ફોટોગ્રાફર | ૯૯૨૪૩ ૩૩૩૪૩ |
| દશરથ વણઝારા | તલોદ | ૯૬૩૮૧ ૮૮૭૯૬ |
| જનક રાવલ | વડાલી | ૯૯૨૫૭૯૯૭૦૩ |
| કાળુસિંહ રાઠોડ | સલાલ | ૯૪૨૭૯૦૯૦૩૧ |
| જીતેન્દ્ર એલ. પટેલ | ધનસુરા | ૯૪૨૭૩૬૮૫૦૩ |
| પ્રકાશ ગઢવી | ઈડર | ૯૪૨૯૪૫૭૬૧૭ |
| રમેશભાઈ વૈષ્ણવ | ખેડબ્રહ્મા | ૯૪૨૬૨૫૯૩૬૦ |
| જયદેવભાઈ બારોટ | ખેડબ્રહ્મા | ૯૪૨૮૮૩૦૩૩૮ |
| સંજય રાવલ | પ્રાંતિજ | ૯૮૨૫૮૩૮૫૬૯ |
| કોદરસિંહ રાઠોડ | તાજપુર કેમ્પ | ૯૯૯૮૮૨૮૧૯૩ |
| મયુર ધ્વજસિંહ વાઘેલા | માણસા | ૯૮૭૯૦૯૯૯૩૩ |
| વિઠ્ઠલભાઈ સુથાર | લક્ષ્મીપુરા | ૯૪૦૮૧૨૫૧૧૫ |
| **મહેસાણા - બનાસકાંઠા જિલ્લામાં** | | |
| ગણપતભાઈ જોષી | પાલનપુર (બ્યૂરો ચીફ,બ.કાં.) | ૯૩૭૫૦૭૬૦૬૧ |
| મહેશભાઈ બારોટ | મહેસાણા/ઊંઝા (બ્યૂરો ચીફ) | ૯૯૭૯૪૦૨૫૩૩ |
| હરેશ જોષી | પાલનપુર | ૮૦૦૦૯૧૧૬૧૬ |
| કાંતિલાલ લોધા | ડીસા | ૯૮૭૯૦૧૦૦૪૭ |
| જેણુભા વાઘેલા | પાટણ | ૯૮૯૮૨૧૦૪૩૬ |

# ગુજરાત લઘુમતિ સમાજનું સંમેલન સફળતા પૂર્વક સંપન્ન બહિસ્કારનો ફિયાસ્કો

હિંમતનગર, તા. ૧

ગુજરાત પ્રદેશ કોગ્રેંસ આયોજિત ગાંધીનગર કોબા સર્કલ ખાતે ગુજરાતના લઘુમતિ સમાજનું સંમેલન યોજાયું હતું. જેમાં સમગ્ર ગુજરાતમાંથી લઘુમતિ સમાજના આગેવાનો, વરિષ્ઠો ઉમટી પડ્યા હતા. સાબરકાઠાં જિલ્લાની પત્રિકામા બે-ત્રણ આગેવાનોના નામ ન હોવાથી તેઓએ વાંધો ઉઠાવી સંમેલનના બહિષ્કારની જાહેરાત કરી હતી. પરંતુ બહિષ્કારનો ફિયાસ્કો થયો હતો. લઘુમતિ સમાજના સાબરકાંઠા જિલ્લાના મોટાભાગના સૌ અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાત પ્રદેશ કોગ્રેંસ આયોજિત ગાંધીનગર કોબા સર્કલ ખાતે ગુજરાતનું લઘુમતી સમાજના બે-ત્રણ આગેવાનોના નામ ન હોવાથી વાંધો ઉઠાવી સંમેલનનો બહિષ્કાર કરવાની જાહેરાત કરી હતી. પરંતુ સંમેલન કોગ્રેસ પક્ષ આયોજિત હોઈ સાબરકાંઠા જિલ્લાનો લઘુમતી સમાજ મોટી સંખ્યામાં જોડાયો હતો. આ અંગે ફારૂક ખલુસીયાએ જણાવ્યું હતું કે, આ સંમેલનની પત્રિકામાં કોઈ નામની ભુલ થાય કે ન થાય પણ પાર્ટીના સંમેલનમાં બહિષ્કાર વ્યાજબી નથી અને જે લોકોએ બહિષ્કારની જાહેરાત કરી હતી. તેવા બે-ચાર વ્યક્તિ પુરતો જ બહિષ્કાર સીમીત બની ગયો હતો અને લઘુમતી સમાજની સંખ્યા ધારણાં કરતાં પણ વધુ હતી. મોટી સંખ્યામાં આગેવાનો ઉમટી પડ્યા હતાં. સાબરકાંઠામાં થયેલી બહિષ્કારની જાહેરાતનો ફિયાસ્કો થયો હતો. મોટી સંખ્યામાં દરેક તાલુકાના કાર્યકરો, આગેવાનો પોસ્ટરો, બેનરો, સાથે હાજર રહ્યા હતા. સંમેલનને સફળ બનાવવામાં ઈમરાન દાવડા, યુસુફ બચ્ચા, હુસેન દિવાન, વીસાર શાસ્ત્રી, મુદસ્સર નજીપુરા, મજીદ મેમણ, ફરીદા વોરા, સલમાન મનસુરી વગેરેએ જહેમત ઉઠાવી હતી.



# કાંકરેજ તાલુકાની બનાસ નદીમાં લીઝ ક્વૉરીવાળાઓની મનમાની બંધ પાળા સુધી પહોંચવાની તૈયારી

કાંકરેજ, તા. ૧

કાંકરેજ તાલુકાની બનાસ નદીમાં લીઝ ક્વૉરીનું નેટવર્ક ફૂલ્યું ફાલ્યું છે પરંતુ કેટલી હદે નુકસાન વેઠવું પડશે તે લીઝ ક્વૉરીના ભુમાફિયા વિચારતા નથી. ઉંબરી-કંબોઈની હદમાં આવેલ પૂલની બાજુમાં બંધ પાળો બાંધેલ છે જ્યાં નદીમાં વધુ પાણી છોડવામાં આવે તો અટકાવ કરવા પાળો બંધાયેલ છે તેની સાવ નજીકમાં ૧૫ થી ૨૦ ફૂટ ઊંડું ખોદકામ થઈ રહ્યું છે છતાં તંત્ર દ્વારા કોઈ તપાસ કરવામાં આવતી નથી. જો આવી જ રીતે ખોદકામ કરી રેતી-કાંકરીનો વેપાર ચાલુ રહેશે તો ભવિષ્યમાં બંધ પાળો તૂટી જવાની ભીતી સેવાય તેમાં બેમત નથી. કલેક્ટરશ્રી મંજુરી આપીને સરકારી કાયદાની ફરજ બજાવે છે. પરંતુ ભૂમાફિયા આ કાયદાને ધોળીને પી જાય છે પોતાની લીઝમાં આવતું હોય તેનાથી પણ વધારે ખોદકામ કરવાની બૂમરાડો ઉઠવા પામી છે અને ગામ લોકોને નુકસાન ના પહોંચે તેવા હેતુથી ભૂસ્તર વિભાગના અધિકારીઓ આવીને બનાસ નદીના પૂલ પાસે જઈ તપાસ કરે તો આવું ઘણું બધું જાણવા મળે તેમ છે. પરંતુ કોઈ અધિકારી તપાસ કરવા આવતા નથી તેવું લોકોમાં ચર્ચાય છે અને ટરબાઓ રાત દિવસ રેતી - કાંકરીની હેરાફેરી કરી જાહેર માર્ગો ઉપર ખુલ્લા ફરે છે છતાં તંત્ર ચૂપ કેમ છે તે ચર્ચાનો વિષય બન્યો છે. (તસવીર : હેમુભા વાઘેલા)

# રાયગઢ ગામે પ્રૌઢવયના પુરુષને વેગનઆરની ટક્કર વાગતા સારવાર દરમિયાન મોત

હિંમતનગર, તા. ૧

સાબરકાઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના રાયગઢ ગામે એક પૌઢવયના પુરુષને વેગનઆર ગાડી વાળાએ ટક્કર મારતાં સારવાર દરમ્યાન મોત થયું હતું. જેની ગાંભોઈ પોલીસ મથકે નોંધ થઈ હતી.

તા. ૩૦ જૂનના રોજ સવારે ૮.૦૦ વાગ્યાના સુમારે રાયગઢ ગામ પાસે રોડ ઉપર વેગન આર ગાડી નં. જીજે-કે.બી.૩૮૯૦ના ચાલકે પોતાના કબજાની ગાડીને પુર ઝડપ્ અને ગફલતભરી રીકે હંકારી લાવી નાગરભી ચુનાભાઈ વાઘરી( ઉં.વ.૬૫) રહે. સર્વોદય ટેકરી, મુ.પો., તા. મોડાસા ને ટક્કર મારી ગંભીર ઈજાઓ કરતાં તાત્કાલિક સારવાર અર્થે હિંમતનગર સીવીલ હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા. જ્યાં નાગરભાઈ વાઘરીનું સારવાર દરમ્યાન મોત નિપજ્યું હતું. આ બાબતે ગાંભોઈ પોલીસ મથકે જશુભી નાગરભાઈ વાઘરીએ ફરીયાદ નોંધાવી હતી. હેડકોસ્ટેબલ કાન્તીભાઈ નગારભાઈનો અકસ્માત ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## હિંમતનગર સહકારી જીન ચાર રસ્તા પાસે કાર - કન્ટેનરનો અકસ્માત

હિંમતનગર, તા. ૧

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર સહકારી જીન ચાર રસ્તા હાઈવે રોડ પર એક જાયલો કાર કન્ટેનર ટ્રકની પાછળ ઘુસી ગઈ હતી. જેમાં જાયલોકાર ડ્રાઈવર ફસાઈ જતાં ભારેમથામણ બાદ બહાર કાઢવામાં આવ્યો હતો. જાયલો કારના ઈજાગ્રસ્ત ડ્રાઈવરને પીધેલી હાલતમાં હોઈ હિંમતનગર શહેર પોલીસે ડ્રાઈવર વિરુધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ઐઠોરના યુવાનની હત્યામાં વપરાયેલ કાર મળી આવી

પાલનપુર, તા. ૧

પાલનપુર પંથકમાં ગુનાઓ બાદ તેના પુરાવાઓ સગેવગે કરવા એક પછી એક ઘટના બની રહી છે. તે મુજબ ત્રણ દિવસ અગાઉ ઐઠોરના યુવાન પ્રકાશ ચૌધરીની હત્યા કરી લાથ ફેંકી દેવામાં આવી હતી. તે ગુનામાં વપરાયેલ ક્વૉલિસ કાર ગઈકાલે બિનવારસી હાલતમાં મહેસાણા એલ.સી.બી.ને કાણોદર નજીકથી મળી આવી હતી અને આજે પાલનપુર રેલ્વે સ્ટેશને બાતમીને આધારે એક સ્વીફટ કાર બિનવારસી હાલતમાં મળી આવી હતી.

ગુજરાતી શોર્ટહેન્ડ શીખો
અમરેલી લઘુલિપિમાં ગુજરાતી સ્ટેનોગ્રાફી શીખો. ડીકટેશન મેળવો. G.C.C., G.P.S.C., કોર્ટની સ્ટેનોની પરીક્ષામાં સફળતા મેળવી ભવિષ્ય ઉજ્જવળ બનાવો
જીતેન્દ્ર મણિયાર
ગુજરાતી સ્ટેનોગ્રાફર
સે. ૨૨ જૈન દેરાસર પાછળ, ગાંધીનગર.
મો. : ૯૮૯૮૬ ૧૬૭૭૦

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એકવાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES APOLLO TYRES
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વૉલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
એપોલો એકસીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮